## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૭, શુક્રવાર
## તા. ૨૮-૧--૧૯૬૬, ઢાળ–૨, ગાથા–૧૩ થી ૧૫, પ્રવચન નંબર–૧૧

**'દૌલતરામજી'** કૃત 'છ ઢાળા', **એની બીજી** ઢાળ. તેરમી ગાથા થઈ. કુશાસ્ત્ર એમ આવ્યું ને છેલ્લું ? કુમતિ આદિ અથવા કપિલાદિ રચિત શ્રુત કો અભ્યાસ, 'સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ.' એમ. ચાર ગતિના દુઃખ આપનારા કુશાસ્ત્રોનું જ્ઞાન છે એમાં અનેક પ્રકારના તત્ત્વોની વિરુદ્ધ વાત કરી હોય અને એને પોતે માને તો એ કુશાસ્ત્રની શ્રદ્ધાથી ચાર ગતિમાં રખડવાનું થાય છે. છેલ્લો શબ્દ કહ્યો. 'જ્યાં એક તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ. એમ સમજવું.' એ વાત ઘણી વાર આવી ગઈ છે. સમજાણું ?

જેમ કે મુનિપણું આત્માને ત્રણ કષાયના અભાવરૂપ સંવર દશા હોય ત્યાં એને વિકલ્પ ઘણો જ મંદ (હોય). આહાર-પાણી આદિ લેવાનો વિકલ્પનો આસ્રવ એટલો જ હોય, એને વસ્ત્ર-પાત્ર આદિ લેવાનો વિકલ્પ ન હોય. જેણે વસ્ત્ર-પાત્ર સહિતના રાગવાળું મુનિપણું મનાવ્યું એને નવે તત્ત્વની, સાતે તત્ત્વની ભૂલ થઈ. કેમકે એના પ્રમાણમાં જે ઉગ્ર સંવર જોઈએ એ સંવરનું એને ભાન ન રહ્યું અને ઉગ્ર સંવર હોય ત્યાં આસ્રવ બહુ જ મંદ હોય, વસ્ત્ર-પાત્રનો વિકલ્પ ન હોય, નિર્દોષ આહાર-પાણી લેવાનો, અઠ્યાવીસ મૂળ ગુણ પાળવાનો જ વિકલ્પ હોય તો એને આસ્રવ તત્ત્વની ભૂલ પણ છે. સંવર, નિર્જરા તત્ત્વની ઉગ્રતા હોય ત્યાં આટલો આસ્રવ હોય. અને તીવ્ર આસ્રવ હોય છતાં એ સંવર, નિર્જરા, મોક્ષના કારણરૂપ અહીં સાધુપણું મનાવ્યું એ સંવર, નિર્જરાની પણ ભૂલ છે. અને એ મંદ સંવર, નિર્જરાથી મોક્ષ મનાવ્યો. એ પણ મોક્ષતત્ત્વની ભૂલ (છે). આત્માની પણ ભૂલ (છે). આત્માની શક્તિની વ્યક્તતા છઠ્ઠે ગુણસ્થાને ઘણી ઉગ્રતા જોઈએ, એટલી શક્તિની વ્યક્તતા ન માની તો એને જીવતત્ત્વની પણ ભૂલ (છે). એ આસ્રવમાં તીવ્ર બંધ પડ્યો. એવું એને બંધતત્ત્વ હોઈ શકે નહિ. અને અજીવનો સંયોગ, સંવર દશા જેને ઉગ્ર મુનિપણાની હોય એને અજીવનો

વસ્ત્ર-પાત્રનો સંયોગ હોય નહિ. એ અજીવતત્ત્વની પણ ભૂલ (છે). સાતે તત્ત્વની (ભૂલ છે). એક તત્ત્વની ભૂલમાં સાતેની ભૂલ છે. સમજાણું કાંઈ ? એ ઘણી વાર કહેવાય ગયું છે.

એમ સર્વજ્ઞ પરમેશ્વરને પણ જે ન માને અને માને તો ઊલટી રીતે માને તો એક તત્ત્વને ભૂલતા બધા તત્ત્વની ભૂલ થાય છે. સમજાણું કાંઈ ? સર્વજ્ઞને એક સમયે દર્શન અને બીજે સમયે જ્ઞાન (થાય) એમ માનતા ખંડ ખંડ જ્ઞાન થઈ ગયું. અખંડ વીતરાગ દશામાં પૂર્ણ ઉપયોગનો એને ખ્યાલ રહ્યો નહિ તો એના કારણરૂપે ઉગ્ર પુરુષાર્થ જોઈએ તે પુરુષાર્થથી એકરૂપ ઉપયોગ થવો જોઈએ. એ કાળનું પુરુષાર્થનું પણ જ્ઞાન રહ્યું નહિ. એવી દશા જેને હોય એને આહાર-પાણીની ઇચ્છા હોઈ શકે નહિ. આહાર-પાણીનો એને સંયોગ જ ન હોય. એવી દશા વીતરાગ પરમાનંદ ભાવમોક્ષ થઈ ગયો એને આહાર-પાણીની ઇચ્છા નથી અને ઇચ્છા વિના એ આહાર-પાણીનો સંયોગ ન હોય. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે. એક એક તત્ત્વમાં ભૂલ થતાં સાતે તત્ત્વમાં ભૂલ થાય છે. માટે શાસ્ત્ર સાચાં શું છે, ખોટા શું છે એને તપાસવા જોઈએ અને વિચારીને નિર્ણય કરવો જોઈએ.

---

## ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪.**

અન્વયાર્થ :– (જો) જે (ખ્યાતિ) પ્રસિદ્ધતા (લાભ) ફાયદો અને (પૂજાદિ) માન્યતા અને આદર વગેરેની (ચાહ ધરિ) ઇચ્છા કરીને (દેહદાહ) શરીરને પીડા કરવાવાળાં (આતમ અનાત્મ કે) આત્મા અને પરવસ્તુઓના (જ્ઞાનહીન) ભેદજ્ઞાનથી રહિત (તન) શરીરને (છીન) ક્ષીણ (કરન) કરવાવાળી (વિવિધ વિધિ) અનેક પ્રકારની (જે જે કરની) જે જે ક્રિયાઓ છે તે બધી (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્ર કહેવાય છે.

ભાવાર્થ :– શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી યશ, ધન, દોલત,

આદર-સત્કાર વગેરેની ઇચ્છાથી માન આદિ કષાયને વશીભૂત થઇને શરીરને ક્ષીણ કરવાવાળી અનેક પ્રકારની ક્રિયા કરે છે તેને 'ગૃહીત મિથ્યાચારિત્ર' કહે છે. ૧૪.

---

હવે 'ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ.' એવી મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન સહિત જેના રાગની મંદતા આદિની ભલે ક્રિયા હોય... સમજાય છે ? એ દેહની જીર્ણ કરવાની, આત્માની શાંતિ પ્રગટ કરવાની નહિ, વિકારને ક્ષીણ કરવાની નહિ, પણ દેહને ક્ષીણ કરવાની ક્રિયા એવી આકરી હોય, પંચાગ્નિ આદિ, આ ખીલામાં સૂવે છે ને ? શું કહેવાય ઇ ? બાણ.. બાણ. બાણશય્યામાં સૂવે. પંચાગ્નિ, પાંચ-પાંચ છાણા અગ્નિમાં પડે, પાણીમાં અહીં સુધી બૂડીને આમ હાથ ઊંચા કરીને રહે. છે ને આમાં દાખલો છે, આમાં. દાખલો આમાં છે. આ મૂળ છે ને એમાં છે. આમાં છે. છે ને ? દાખલો છે. પાણીમાં છે ને ? ચૌદમીમાં દાખલો નાખ્યો છે. જુઓ ! પાણીમાં ઊભા રહે. ઠંડું પાણી હોય અને ઊભા રહે. એ તો દેહને કષ્ટ છે. એમાં કંઈ આત્માનો ધર્મ નથી. આત્માના ભાન વિના એવી ક્રિયાઓ કરે એ બધા શરીરને કષ્ટ આપનારા અથવા શરીરને જીર્ણ કરનારા છે. આત્માના વિકાર જીર્ણ થાય કે નાશ થાય એવું ત્યાં છે નહિ. એ ચૌદમી ગાથામાં કહે છે, જુઓ !

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન. ૧૪.**

જુઓ ! આત્મા અને અનાત્મા ભાષા રાખી છે, હોં ! આત્મા અને શરીર એમ નથી રાખી. પછી ભલે અર્થમાં શરીર નાખે, પણ બધું (લીધું). આત્મા, શરીરની ક્રિયા સ્વતંત્ર છે એનું ભાન નથી, પુણ્ય-પાપના પરિણામ બંધના કારણ છે, અનાત્મા છે એની ખબર નથી અને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એની પણ જેને દૃષ્ટિ નથી. આત્માને.. છે ને ?

'જે...' કોઈ 'પ્રસિદ્ધતા...' આત્માનું ભાન નથી. આત્મા જ્ઞાનાનંદમાં આનંદ છે એવી દૃષ્ટિ, રુચિ, અનુભવ નથી. એવા અજ્ઞાની મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન સહિત, ગૃહીત કે અગૃહીત બેય. અહીં ગૃહીતની વાત છે. પ્રસિદ્ધતા – પોતાની પ્રસિદ્ધતા

માટે ક્રિયાઓ કરે છે. કેમકે આત્મપ્રસિદ્ધિની ખબર નથી. સમજાણું કાંઈ ? આત્મપ્રસિદ્ધિ. જુઓ ! અહીં પ્રસિદ્ધિ શબ્દ મૂક્યો છે ને ? ખ્યાતિ. આત્મખ્યાતિ આવે છે ને ? ટીકા.

આત્મા જ્ઞાયક ચિદાનંદ અખંડ આનંદમય છે એવી દૃષ્ટિ વિના આત્માની પ્રસિદ્ધિ, ખ્યાતિ ધર્મ થઈ શકતો નથી. સમજાણું કાંઈ ? આત્મા એક સમયમાં અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ (છે), એ પુણ્ય-પાપ, દયા, દાન આદિ વિકલ્પ રાગ રહિત છે. એવી આત્માની પ્રતીતિ અને ભાન વિના એને આત્માની પ્રસિદ્ધિની, ખ્યાતિ–પ્રસિદ્ધિ હોતી નથી. હેં ? (જે) આત્મપ્રસિદ્ધિ માટે નથી કરતો એ પરને માટે, બાહ્ય પ્રસિદ્ધિ માટે કરે છે. દુનિયામાં પ્રસિદ્ધ થાઉં, કાંઈક લાભ મળે, ફાયદો મળે, શિષ્યો થાય, આબરૂ થાય, કીર્તિ થાય એવા હેતુએ કરણી (કરે છે). મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા સહિત આવી જે ક્રિયાઓ કરે એ બધા બહારના કોઈ લાભ માટે કરે છે. અંદરના આત્માના લાભ માટે નથી. કહો, બરાબર છે ? આત્મા જાણ્યો નથી કે આત્મા કોણ છે ? આત્મા રાગ, પુણ્ય-પાપના રાગ રહિત છે એવી દૃષ્ટિ વિના આત્માનો લાભ અજ્ઞાનીને થાય જ નહિ.

અજ્ઞાની મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનમાં બહારના લાભ માટે બધું કરે છે. પૂજા, માન્યતા, બહાર પડવું, પ્રસિદ્ધિ થવી, બીજા લોકો માને અથવા 'આદર વગેરેની ઇચ્છા કરીને (દેહદાહ) શરીરને પીડા કરવાવાળાં...' ભાષા તો એમ જ કહેવાય ને ! નહિતર શરીરને પીડા કાંઈ નથી પણ શરીર જીર્ણ થાય છે ને ? એમ. 'શરીરને પીડા કરવાવાળાં...' શરીર જીર્ણ થાય છે એમાં કાંઈ આત્માને લાભ નથી. આ પંચાગ્નિ કરે, તપ કરે, આ મહિના-મહિનાના અપવાસ કરે જુઓને ભાન વિનાના જૈનમાં પણ (કરે છે). એને ખબર નથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કોણ ? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર કોણ ? આત્મા-અનાત્મા કોણ ? આત્મા અને અનાત્મામાં બધું આવી ગયું. આસ્રવ, બંધ, અજીવ, પુણ્ય ને પાપ. એ અનાત્મા કોણ છે, કઈ રીતે છે અને આત્મા શું છે એના ભાન વિના અજ્ઞાની 'શરીરને પીડા કરવાવાળાં...' સમજાણું કાંઈ ?

જુઓ ! 'આતમ અનાત્મ કે જ્ઞાનહીન,...' સિદ્ધાંત અહીં છે. જેને ગૃહીત મિથ્યાદર્શન, ગૃહીત મિથ્યાજ્ઞાન અને ગૃહીત મિથ્યાચારિત્ર છે કે જેને અગૃહીત

મિથ્યાદર્શન, અગૃહીત મિથ્યાજ્ઞાન અને અગૃહીત મિથ્યાચારિત્ર છે એને આત્મા-અનાત્માનું ભાન નથી. આત્મા અને અનાત્મા એટલે પરવસ્તુના ભેદજ્ઞાનથી રહિત એ શરીરની ક્રિયા હું કરી શકું, આહાર-પાણી મેં છોડ્યા, એ અજીવની ક્રિયા મેં કરી, મેં આહાર ન લીધો તો ન લેવાણો, લીધો તો લઈ શકે. એવા જડના પદાર્થનું એને ભાન નથી કે જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. અનાત્માનું ભાન નથી, એને પુણ્ય પરિણામનું ભાન નથી. આ પરના ત્યાગમાં જરી રાગ મંદ થાય છે એ તો શુભ છે, એ કંઈ ધર્મ નથી. ધર્મ તો આત્માના શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિમાં ભાનમાં ઠરવું એને ધર્મ કહેવાય છે. એ ધર્મની અજ્ઞાનીને ખબર નથી. ભલે જૈન સંપ્રદાયમાં પડ્યા હોય. બહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર ન હોય. એ બધા આવી કરણી કરીને હેરાન થાય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ ?

વર્ષીતપને કરે છે ને ? જુઓને ! ખેંચી ખેંચીને કરે. ભાન ન મળે દેવનું, ગુરુનું, શાસ્ત્રનું. ન મળે આત્મા-અનાત્માનું ભાન. જીવ કોણ ? પુણ્ય કોણ ? આસ્રવ કોણ ? બંધ કોણ ? અને અજીવ કોણ ? બહારની ક્રિયામાં દેહને જીર્ણ કરે. 'શરીરને ક્ષીણ કરવાવાળી...' એ બધી ક્રિયાઓ છે. વિકારને નાશ કરવાવાળી એ ક્રિયા નથી. આત્માની પુષ્ટિ કરનારી નથી. એ તો શરીરને ક્ષીણ કરનારી છે. શરીર જીર્ણ થઈ જાય તો લોકો આમ જાણે કે, આ..હા..હા...! શું તપસી ! કેવી તપસ્યા કરી ! ઓ..હો..હો...! વરસી તપ એક દિ' ખાવું ને એક દિ' અપવાસ. ધૂળમાંય નથી. જ્યાં આત્મા-અનાત્માનું જ્ઞાન નથી, સ્વ-પરનો વિવેક નથી, હું ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છું, રાગાદિના પરિણામ ઊઠે એ પણ વિકાર છે અને શરીરાદિની આહાર-પાણીની ક્રિયા એ તો જડની ક્રિયા છે. એવા જેને આત્મા અને અનાત્માનું ભાન નથી એ બધા શરીરને ક્ષીણ કરે છે. ભાઈ !

મુમુક્ષુ :– આંદોલન કરે છે ને ?

ઉત્તર :– અજ્ઞાનનું આંદોલન કરે છે, એમ અહીં કહે છે. આત્મા કોણ ? જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ છે એની ક્રિયામાં રાગ, વિકલ્પ ઊઠે એ પણ એની ક્રિયા નથી.

મુમુક્ષુ :– તપસ્યા કર્યાથી લાભ?

ઉત્તર :– હા, થાય ને, આ તપસ્યાથી તપસ્યા કરે એને મિથ્યાત્વનો લાભ (થાય).

મિથ્યાત્વનો લાભ થાય. કહે છે ને ? અહીં શું વાત ચાલે છે ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તપસ્યા-બપસ્યા એ બીજી વાત, એ તપસ્યા નથી, અજ્ઞાની માને એ વાત નથી. એ તો અજ્ઞાની માને એ નથી.

એ તો આત્માના આનંદમાં ચૈતન્યનું અતીન્દ્રિય આનંદનું પહેલું સમ્યગ્દર્શન થયું છે એવા આનંદમાં ઠરે તેને તપસ્યા કહે છે. એને તપસ્યા કહેવાય, આ તો બધી લાંઘણું છે. આત્મા તીર્થંકર હોય એને નહીં. અહીં તો સમ્યગ્દર્શનમાં પહેલો આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો. પછી સમ્યગ્જ્ઞાનમાં અંતર શુદ્ધિ વધારી અને પછી શુદ્ધતામાં આનંદમાં અતીન્દ્રિયમાં ગુમ થઈ ગયા કે જેને ઇચ્છા જ આવી નહિ, આહાર ન આવ્યો. એને અતીન્દ્રિય આનંદમાં ગુમ થયેલા, લીન થયેલાને તપસ્યા કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે. સમજાણું કાંઈ ?

આત્મા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભાન વિના જેટલું કાંઈ કરે એ બધું સંસાર પરિભ્રમણ ખાતે છે. હોય જ. અનાદિનો નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર જૈનનો સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા. જિનદીક્ષા લઈને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. એ કેવી દીક્ષા હશે ? હજારો રાણીનો ત્યાગ કરેલો. રાગની મંદતા હતી. આત્મા રાગથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આનંદ છે એના અનુભવની દૃષ્ટિ વિના એ ક્રિયામાં સંસાર ફળ્યો. જન્મ-મરણ મળ્યા. મળ્યા, જન્મ-મરણ ટળ્યા નહિ. વાત એવી છે જરી, ભઈ !

આત્મા અને અનાત્માના ભાન વિના, જુઓને શું છે ? શબ્દ છે કે નહિ ? એ વિકલ્પ ઊઠે છે. આહાર છોડું કે મૂકું, એ પણ વિકલ્પ, રાગ, આસ્રવતત્ત્વ છે, એ આત્મા નથી. આત્મા જ્ઞાનાનંદ તત્ત્વ ભિન્ન છે. દેહની ક્રિયા આહાર મૂકવા, છોડવા એ જડની ક્રિયા (છે), આત્માની નહિ. એવા આત્મા-અનાત્માના 'ભેદજ્ઞાનથી રહિત શરીરને ક્ષીણ કરવાવાળી...' ક્રિયા છે. એ તપસ્યા અજ્ઞાનીની જે છે ઇ. સમજાણું કાંઈ ?

એક બાળતપ અને એક જ્ઞાનતપ. શાસ્ત્રમાં બે પ્રકારના તપ છે. આત્માના ચૈતન્યના શુદ્ધ આનંદકંદના અનુભવ વિના જેટલી ક્રિયાઓ કરે એ બધાને બાળતપ

કહેવામાં આવે છે. મહિના-મહિનાના અપવાસ કરે, બાર-બાર મહિનાના અપવાસ કરે બધા બાળતપ, મૂર્ખાઈ ભરેલા તપ છે. એમાં આત્માને જરીયે લાભ નથી (પણ) નુકસાન અનંતું (છે). મિથ્યાત્વનું નુકસાન (છે). ધર્મ નથી ને ધર્મ માને. નિર્જરા નથી થતી અને બંધ થાય એન નિર્જરા માને. ભાઈ ! હેં ?

મુમુક્ષુ :– ભલાભોળા.

ઉત્તર :– ભલાભોળાના એટલે મૂર્ખાઈના. ભલા-ભોલા કેવા અહીં ? વીતરાગમાર્ગમાં ભલા-ભોલા શું કામ આવે ? અહીં તો નવ તત્ત્વ છે કે નહિ ? તો આત્મા કોને કહેવો ?

મુમુક્ષુ :– ઠરવાનું કામ છે ને?

ઉત્તર :– પણ શેનો તપ ? શેમાં ઠરવું ? હજી ચારિત્ર ન મળે, દર્શન ન મળે, જ્ઞાન ન મળે તો તપ ક્યાંથી આવ્યું એને ? સમ્યગ્દર્શન વિના તપ અને ચારિત્ર ત્રણકાળમાં સાચાં હોય નહિ. એકડા વિનાના મીંડાં હોય, રણમાં પોક મૂકવા જેવા.

આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. અંદર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામ ઊઠે, તપના (પરિણામ આવે કે) આહાર છોડું. એ તો આસ્રવ પુણ્યભાવ છે. દેહાદિની ક્રિયા આહાર-પાણી છૂટ્યા એ તો જડની ક્રિયા છે. એ જડનો ભાવ, વિકારી ભાવ અને અવિકારી ભાવ એના અંતરમાં ભેદજ્ઞાન અને અનુભવ વિના જેટલી તપાદિની ક્રિયા કરવામાં આવે એ શરીરને ક્ષીણ કરવા માટે છે, આત્માના લાભને માટે નથી.

'ભેદજ્ઞાનથી રહિત શરીરને ક્ષીણ કરવાવાળી (વિવિધ વિધિ)...' જુઓ ! 'અનેક પ્રકારની (જે જે કરની) જે જે ક્રિયાઓ છે તે બધી મિથ્યાચારિત્ર કહેવાય છે.' અજ્ઞાનીનું એ મિથ્યાચારિત્ર છે, જેમાંથી સંસાર વધી જાય છે. ઝીણી વાત છે, બાપુ ! એને નથી અત્યારે સાંભળવા મળ્યું. અનાદિથી રખડ્યારખડ (કરે છે). આ તો હજી ગૃહીત મિથ્યાત્વ, ઓલું તો અગૃહીત (મિથ્યાત્વની) વાત કરી છે. સમજાણું કાંઈ ? સાત તત્ત્વની શ્રદ્ધાની વાત થઈ ગઈ.

ભાવાર્થ :– 'શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી...' મૂળ પાઠમાં જ ઇ છે. ત્યાં પર અને આત્મા-અનાત્મા કહ્યું. એટલે અનાત્મામાં બધી આખી વ્યાખ્યા

(આવી જાય છે). આત્મા અને અનાત્મા એટલે પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, અજીવાદિ એમ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ જાણનાર-દેખનાર એ જ એની ચીજ છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ તો આસ્રવતત્ત્વ છે. શુભ-અશુભ ભાવ ઊઠે છે, આ કર્યું, આ મૂક્યું, એ બધું આસ્રવતત્ત્વ છે. જીવતત્ત્વ જુદું, આસ્રવતત્ત્વ જુદું. કર્મ, શરીર, આહાર-પાણી તો અજીવતત્ત્વ, જડ તત્ત્વ છે. એ જડ તત્ત્વને લઈ મૂકી શકું છું એ માન્યતા અજીવની મિથ્યાદૃષ્ટિની છે. જીવ રાગ કરે અને રાગનું કર્તવ્ય એનું છે એ જીવતત્ત્વની ભૂલ છે. રાગ, શુભભાવ મને ધર્મનું કારણ થાય એ શુભ આસ્રવતત્ત્વની ભૂલ છે. એવા જીવ અને અજીવ અથવા આત્મા ને અનાત્માના જ્ઞાન વિના શ્રદ્ધા, અનુભવ અંતર વિના જેટલું કરવામાં આવે એ બધું મિથ્યાચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું ?

જુઓ ! એમાં એક દાખલો આપ્યો છે. બિચારા જુઓને કરણી કરીને સૂકાઈ જાય. અત્યારે તો એવું છે પણ ક્યાં ? આ તો નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તો એટલી ચારિત્રની ક્રિયા એની માનેલી, માનેલી. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા, નગ્ન દેહ પણ એ રાગની ક્રિયા છે અને શરીરની ક્રિયા જડ છે, એમ એ જાણતો નથી. આ મારો ધર્મ છે, પંચ મહાવ્રતના પરિણામ એ મારો ધર્મ છે એમ માને છે. મૂઢ છે. એ તો રાગ છે. જ્ઞાનાનંદ ચૈતન્ય રાગથી ભિન્ન અખંડાનંદ પ્રભુ, વીતરાગી પિંડ આત્મા છે, એની અંતરમાં સ્વભાવની દૃષ્ટિ, અનુભવ વિના જે કાંઈ કરે તે એને બધે સંસારમાં રખડવાનું (કારણ) છે.

'શરીર અને આત્માનું ભેદજ્ઞાન નહિ હોવાથી...' ભાવાર્થ છે ને ? એ જશ માટે જ કરે છે. આત્માની પ્રસિદ્ધિની ખબર નથી. ઓલી પ્રસિદ્ધિનો અર્થ જશ કર્યો છે. આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સમ્યગ્દર્શન થતાં ધર્મીને સમ્યગ્દૃષ્ટિને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે તો એને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ ? ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ વીતરાગ સમસ્વભાવી સ્વરૂપ એનું છે. જેવું પરમાત્માનું પરમેશ્વર અરિહંતનું પ્રગટ છે, આનું અપ્રગટ આખું શક્તિરૂપ છે. પૂર્ણાનંદનું આખું તત્ત્વ છે એવું જે અંદરમાં ભાન (થયું) એને આત્માના આનંદના સ્વાદ આગળ પુણ્યના, પાપના પરિણામને હેયબુદ્ધિએ માને છે. સમજાણું કાંઈ ? અજ્ઞાનીને એ ખબર નથી. આત્માનો સ્વાદ શું ? પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે છે એનો સ્વાદ બેસ્વાદ છે,

ઝેર છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ ?

'શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી યશ,...' બસ ! બહારની પ્રસિદ્ધિનો જ અંતર હેતુ છે. આત્માની પ્રસિદ્ધિની ખબર નથી. 'ધન,...' કાં તો લક્ષ્મી મળશે. આ કરે ને ? આવી ક્રિયા કરીએ તો છોકરા થાય, પૈસા મળે, માંગલિક કરીએ તો આમ થાય એ બધી મિથ્યાદર્શનની ક્રિયાઓ છે. એ સારી રીતે દોલત મળે. ધન અને દોલત (બેમાં) વળી શું ફેર હશે ? પૈસા ખૂબ વધે એમ ને ?

મુમુક્ષુ :- ઝવેરાત દોલતમાં આવે.

ઉત્તર :- દોલતમાં આવતી હશે ? એવું મળે. ઊંડે ઊંડે આત્માની તો ખબર નથી. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ અનુભવમાં આત્માને લઈને અંદર આનંદ પ્રગટ થાય એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો નથી. દોલતને મેળવું. અરે...! દુનિયામાં મોટા કહેવાઈએ. તપસી છે, વ્રતધારી છે, ચારિત્રવંત છે એમ બીજાથી મહંતાઈ લેવા 'આદર-સત્કાર વગેરેની ઇચ્છાથી માન આદિ કષાયને વશીભૂત થઈને...' ઊંડે તો માન જ પડ્યું છે, અંદર આત્માનું ભાન નથી માટે.

'શરીરને ક્ષીણ કરવાવાળી...' ભાઈ ! શરીરને ક્ષીણ કરવાવાળી. આ..હા...! પાછળ છે ને એમાં ? જુઓને ! મૂળ પાઠમાં છે. 'ધરિ કરન વિવિધ વિધ દેહદાહ.' દેહને દાહ કરે છે, દેહ બાળે છે, જીર્ણ (કરે છે), એમાં આત્માને શું ? આત્મા તો ખબર નથી અંદર શું ચીજ છે ? 'છીન' (શબ્દ) છે ને અંદર ? 'જે જે કરની તન કરન છીન.' તે તે કરણીથી તનનું છીન થાય છે, જીર્ણ થાય છે. (એવી) 'અનેક પ્રકારની ક્રિયા કરે છે તેને ગૃહીત મિથ્યાચારિત્ર કહે છે.' મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન સહિત આવા રાગની ક્રિયા કરે એને મિથ્યાચારિત્ર કહે છે. સમજાણું કાંઈ ?

---

### મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ

તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિત પંથ લાગ;
જગજાલ ભ્રમણકો દેહુ ત્યાગ અબ દૌલત! નિજ આતમ સુપાગ. ૧૫.

અન્વયાર્થ :- (તે) તે (સબ) બધાં (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્રને (ત્યાગ) છોડીને

(અબ) હવે (આતમકે) આત્માના (હિત) કલ્યાણના (પંથ) માર્ગે (લાગ) લાગી જાઓ, (જગજાલ) સંસારની જાળમાં (ભ્રમણકો) ભટકવાનો (ત્યાગ દેહુ) ત્યાગ કરો. (દૌલત) હે દૌલતરામ! (નિજઆતમ) પોતાના આત્મામાં (અબ) હવે (સુપાગ) સારી રીતે લીન થાઓ.

ભાવાર્થ :– આત્મહિતૈષી જીવે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહણ કરીને, ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર તથા અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો ત્યાગ કરીને, આત્મકલ્યાણના માર્ગમાં લાગવું જોઇએ, પંડિત શ્રી દૌલતરામજી પોતાના આત્માને સંબોધી કહે છે કે, હે આત્મન્ ! પરાશ્રયરૂપ સંસાર અર્થાત્ પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઇ ને સાવધાનીથી આત્મસ્વરૂપમાં લીન થા.

---

'મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ.' લ્યો ! બીજી ઢાળનો એ છેલ્લો શ્લોક છે.

તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિત પંથ લાગ;
જગજાલ ભ્રમણકો દેહુ ત્યાગ અબ દૌલત! નિજ આતમ સુપાગ. ૧૫.

આમાં પણ એણે ચિત્ર મૂક્યા છે, હોં ! જગઝાળ છે ન બધી ? આ ચિત્ર મૂક્યા



છે. જન્મ, ભ્રમણમાં દેવ, વનસ્પતિ, સર્પ થયો, ફૂદડા થયો, આ થયો, ઢોર થયો, નારકી થયો. ચાર ગતિના ભવો આત્માના સમ્યગ્દર્શન, ભાન વિના અંતરદષ્ટિ, અનુભવ વિના એણે આ બધું કર્યું ઇ ચાર ગતિના ભવમાં રખડવા માટે છે.

'તે બધાં મિથ્યાચારિત્રને છોડીને હવે આત્માના કલ્યાણના માર્ગે લાગી જાઓ,...' જુઓ ! આ શબ્દ. પોતે પોતાને કહે છે અને દુનિયાને બેયને કહે છે. હે આત્મા !

આત્માનું હિત એ દેહાદિ, વાણીની ક્રિયા મારી નહિ, શરીરાદિ પરવસ્તુ મારી નહિ એની દશા થાય એ મારી નહિ, પુણ્ય-પાપના પરિણામ, વિકલ્પ ઊઠે છે, દયા, દાન, વ્રતાદિ એ પણ શુભભાવ (છે), હિંસા, જૂઠું, ચોરી એ પાપભાવ એ પણ મારી ચીજ નહિ. એનાથી મારી ચીજ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ ભિન્ન (છે), એવી શ્રદ્ધા કરીને આત્માના હિતમાં લાગી જાઓ. કહો, સમજાણું ?

અત્યાર સુધી આત્માનું અહિત કરતો એમ થયું ને ? અહિત કરતો (હતો). આ તો ગૃહીત મિથ્યાત્વની વાત છે. અનાદિનું અગૃહીત મિથ્યાત્વ, અગૃહીત જ્ઞાન, અગૃહીત ચારિત્ર એ તો અનાદિના છે. એ ઉપરાંત આ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળ્યા, એમની શ્રદ્ધા આદિ કર્યા એ તો ગૃહીત મિથ્યાત્વ, ગૃહીત મિથ્યાજ્ઞાન અને ગૃહીત (મિથ્યા) ચારિત્ર થયા. સમજાણું કાંઈ ? છ પ્રકારનું વર્ણન બધું આવી ગયું.

'હવે આત્માના (હિત) કલ્યાણના માર્ગે લાગી જાઓ,...' મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર – બેય પ્રકારના – ગૃહીત અને અગૃહીત છોડી દે. એમ એકસાથે કીધું છે. આત્માના હિતના પંથે લાગી જાઓ. ભગવાનઆત્મા શુદ્ધ અનાકુળ શાંતરસનો પિંડ પ્રભુ, અનંત અનંત પવિત્ર ગુણનો ધામ આત્મા, એવા આત્માની અંતર દૃષ્ટિ કરી અંતર આત્માનું જ્ઞાન કરીને એના હિતના પંથે લાગી જાઓ. લ્યો ! સમજાણું કાંઈ ?

'(જગજાલ) સંસારની જાળમાં ભટકવાનો ત્યાગ કરો.' ચાર ગતિ, ભટકવાના કારણો, મિથ્યાદર્શન આદિ અને પુણ્ય-પાપ ભાવ, એ પુણ્ય-પાપના ભાવ પણ ભટકવાનું કારણ છે. શુભભાવ પણ પરિભ્રમણનું, બંધનું કારણ છે. સમજાણું કાંઈ ? પુણ્યભાવ, પુણ્યભાવ પરિભ્રમણનું કારણ છે. પુણ્યથી બંધન થાય અને બંધનથી સંયોગ મળે, એમાં આત્માને કાંઈ લાભ નથી. પાપભાવથી પ્રતિકૂળ બંધ પાપ થાય અને એનાથી પ્રતિકૂળ સંયોગ મળે એ માટે લાભ (નથી). એવી જગજાલ, 'સંસારની જાળમાં...' એટલે કે મિથ્યાદર્શન, જ્ઞાનમાં અને પુણ્ય-પાપના ભાવમાં ભટકવાનો ત્યાગ કરો, એને છોડો. સમજાણું ?

'હે દૌલતરામ !' હે આત્માના દોલતના રામ, એમ. અંતર અંતર આત્મામાં અનંત જ્ઞાન ને આનંદ પડ્યો છે, અનંત ગુણો પડ્યા છે. જેટલા સિદ્ધને ગુણો છે એટલા

જ ગુણો આત્મા અહીં છે. એ દૌલતરામ, હે આત્મારામ ! દૌલતરામ ઇ. કહો, સમજાણું કાંઈ ? ઓલી દોલત છોડીને આ દોલત એમ કીધું ને ? ઓલી દોલત લીધી ને ? લક્ષ્મીની દોલત, એ છોડીને હવે આત્મદોલત જો અંદરમાં. ઇ શું હશે આત્મા ? કોણ જાણે શી ખબર પડે ? એ અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે, શુભાશુભ, એનાથી રહિત તત્ત્વ છે, જેમાં અનંતી દોલત પડી છે. આહા..હા...! કેવળજ્ઞાન પ્રગટ થાય એનું મૂળિયું આત્મા છે. એ આત્મામાંથી કેવળજ્ઞાન થાય છે, કાંઈ બહારથી થતું નથી.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનના થર પડ્યા છે.

ઉત્તર :- થર પડ્યા છે, કીધું હતું ને એ તો ? કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન કાંઈ ગુણ નથી. કેવળજ્ઞાન, સિદ્ધદશા પણ એક સમયની દશા છે, પર્યાય છે. એવી એવી એક સમયમાં પર્યાય રહે, બીજે સમયે નાશ થઈ જાય. નવું કેવળજ્ઞાન થાય. બીજે સમયે નવું કેવળજ્ઞાન થાય. બીજા સમયનું થયેલું ત્રીજા સમયે નાશ થઈને નવું કેવળજ્ઞાન થાય. એવું અનંતકાળ કેવળજ્ઞાન નવું નવું થયા કરે. એવા અનંતા કેવળજ્ઞાનનો થર પડ્યો છે આત્મા. કોને ખબર શું હશે આ ? સમજાણું કાંઈ ?

એ કેવળજ્ઞાન ગુણ હશે કે પર્યાય, એની ખબર ન મળે. એ કેવળજ્ઞાનની પર્યાય એટલે થઈ રહ્યું જાણે. કેવળજ્ઞાન એ પર્યાય છે, એ કાંઈ ગુણ નથી, ગુણ તો ત્રિકાળ છે આત્મામાં. નવી અવસ્થા ઉત્પન્ન થાય એ પર્યાય થાય, ગુણ ન થાય. વાંધા ઉઠ્યાને ? ઓલો કહે, સમ્યગ્દર્શન ગુણ છે. મોટી તકરાર ચાલી હતી. સમ્યગ્દર્શન તો પર્યાય છે. ગુણ પ્રગટતા હશે ? આત્મા તો અનંત ગુણનો પિંડ ત્રિકાળ ધ્રુવ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એ ગુણ છે, એ તો ત્રિકાળ પડ્યા છે, ત્રિકાળ ધ્રુવ છે. અંદરમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એ તો પર્યાય છે, હાલત છે, દશા છે. સમજાણું કાંઈ ? એવી અનંતી કેવળજ્ઞાનની દશાઓ, એનો થર, આત્મામાં એ બધી શક્તિ પડી છે. કોને ખબર એ આત્મા કેવો હશે ? ભાઈ ! આત્મા કરે નહિ કાંઈ ? જાણવાનું શું કામ છે ? શું કરે ? મૂઢ કરે. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :- ... કામે લાગી જાઓ.

ઉત્તર :- કામે લાગી જાઓ એટલે આત્મામાં લાગી જાઓ, એમ. અનાદિથી

બહારમાં જ લાગ્યો છે. શુભાશુભ ભાવ તો અનાદિથી કર્યા. સમજાય છે ? બહારના ત્યાગ-ગ્રહણની બુદ્ધિઓ પણ અનંતવાર કરી, પણ આત્મા કોણ છે એનું એણે એક સેકંડ પણ જ્ઞાન કર્યું નથી. એક સેકંડ નથી કર્યું. માટે હવે તો કહે છે, આત્માના હિત ને કલ્યાણ અર્થે લાગી જાઓ. આહા..હા...! પછી ઢાળ ઇ આવે છે ને એટલે ઉપોદ્ઘાત ઇ કર્યો. હવે ત્રીજી (ઢાળમાં) મોક્ષમાર્ગ આવશે એટલે હિત અહીં લીધું. આત્માનું હિત મોક્ષમાર્ગ છે. ઇ કહેશે, જુઓ !

'સંસારની જાળમાં ભટકવાનો ત્યાગ કરો. હે દૌલતરામ ! (નિજ આતમ)...' દેખો ! 'પોતાના આત્મામાં...' હોં ! ભગવાનનો આત્મા જુદો, પરમેશ્વરનો આત્મા જુઓ. એ ભગવાન ભગવાનઆત્માને કાંઈ તારી દેતા નથી. એ તો સર્વજ્ઞ પરમેશ્વર છે, એ તો પરવસ્તુ છે. પરઆત્માનું ધ્યાન, વિચાર કરવો એ પણ એક શુભ વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે. આહા..હા...! તેથી કહે છે કે, '(નિજ આતમ)...' પોતાનો અંદર આત્મા અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન, અંતરમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. આત્મામાં અતીન્દ્રિય શાંતિ પૂર્ણ પડી છે. એવા આત્માને ઓળખો અને એવા આત્મામાં હવે, નિજ આત્મામાં એટલે પોતાના આત્મામાં હવે તો લાગો, એમ કહે છે. જોયું ને ? અત્યાર સુધી તો કર્યા ઊંધા (ભાવ). માન્યા ધર્મ અને હતા ઊંધા ભાવ.

'(અબ) હવે (સુપાગ) સારી રીતે લીન થાઓ.' લ્યો ! સુપાગ. સમજ્યા ને ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ નિર્વિકલ્પ આનંદ છે. જેનું સ્વરૂપ પુણ્ય-પાપના રાગ રહિત છે. એક એક રજકણ, દેહ કે કર્મનો જેનામાં નથી. એવો અત્યારે આત્મા છે, એવા આત્માનો અંતર અનુભવ કરો અને એમાં સુપાગ – વિશેષ સ્થિર થાઓ, લીન થાઓ. કહો, સમજાણું આમાં ?

ભાવાર્થ :– 'આત્મહિતૈષી જીવે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહણ કરીને,...' જુઓ ! નિશ્ચય એટલે શું ? આત્મા શુદ્ધ અખંડ પુણ્ય-પાપના રાગ રહિત, દયા, દાનના, વ્રતના વિકલ્પ રહિત આત્મા છે. એ વિકલ્પ ઊઠે એ બધો રાગ ને પુણ્યાસ્રવ છે. એનાથી રહિત શુદ્ધ ચૈતન્ય પિંડ અખંડાનંદ અનંત ગુણનો પિંડ, એનો અનુભવ નિશ્ચય સમ્યગ્દર્શન (છે). એનો અનુભવ, આ આત્મા આનંદકંદ છે એનો અનુભવ

એનું નામ સાચું સમ્યગ્દર્શન છે. સમજાય છે ? અને જ્ઞાન એ આત્માનું જ્ઞાન. શુદ્ધ કેવળજ્ઞાનનો કંદ છું એવું આત્માનું સ્વસંવેદનજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન આદિ પરજ્ઞાન એ મોક્ષમાં કંઈ કામ કરતું નથી. ઝીણી વાત બહુ.

નિશ્ચય એટલે સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન. નિશ્ચય એટલે આત્માનું સાચું જ્ઞાન. અંતર આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગ ને પુણ્ય રહિત છે, એવું સ્વસંવેદનજ્ઞાન. અને ચારિત્ર. એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનના અનુભવમાં સ્વરૂપમાં વીતરાગપણે ઠરવું, આનંદમાં ઠરવું, અતીન્દ્રિય આનંદમાં જામી જવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એનું નામ ભગવાન ચારિત્ર નામા સાચા વ્રત કહે છે. સમજાણું કાંઈ ? એ નિશ્ચય સમ્યગ્દર્શન. (નિશ્ચય શબ્દ) ત્રણેને લાગુ પડે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર ગ્રહણ કરીને, લ્યો ! એ પર્યાય છે ખરીને ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ.

'ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર...' ગૃહીત એટલે જન્મ્યા પછી નવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા કરી હોય. ખોટા જ્ઞાન જન્મ્યા પછી ગ્રહણ કર્યા હોય. ખોટા જ્ઞાન અનાદિના કરેલા એ જુદા. આ તો જન્મ્યા પછી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના જ્ઞાન કર્યા હોય અને મિથ્યાચારિત્ર, એનો ત્યાગ.

'અગૃહીત મિથ્યાદર્શન...' અનાદિની સાત તત્ત્વની ભૂલ. સમજાય છે કાંઈ ? આવી ગઈ ને ? સાતે તત્ત્વની ભૂલ આવી ગઈ છે. જીવને શરીરની ક્રિયાનો કરનાર માનવો. આ પૈસા મારા, સ્ત્રી મારી, કુટુંબ મારું, આ મારા, આ મારા.. એ મારા માનવા એ બધું મિથ્યાદર્શન છે, એ જીવતત્ત્વની ભૂલ છે. જીવમાં એ ચીજ નથી એને (પોતાની) માનવી એ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ ? એ અગૃહીત અનાદિનું છે. જન્મ્યા પછી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રમાં અવતાર થયા અને એણે મનાવ્યું એ ગૃહીત મિથ્યાદર્શન, નવું (થયું), પુરાણા મિથ્યાત્વની પુષ્ટિ કરનારું (છે). સમજાણું કાંઈ ?

'અગૃહીત મિથ્યાદર્શન...' શરીર ઊપજે ને હું જન્મ્યો, શરીર મરે ને હું મરી ગયો. શરીરની બધી ક્રિયા હું કરું (છું), મારે લઈને થાય. એની ઉપાદાન શક્તિથી થાય છે એમ માનતો નથી. કર્મ બંધન થાય એ રજકણની ક્રિયાથી થાય છે, આ શરીર ચાલે એ જડને કારણે ચાલે છે, આત્માને કારણે નહિ. એમ જે માનતો નથી એ અજીવની ભૂલ. એના ઉપાદાનની ક્રિયા મારાથી થાય એ અજીવની ભૂલ છે. અનાદિની

અજીવની ભૂલ મિથ્યાદૃષ્ટિની (છે). સમજાય છે ?

આસ્રવ – પુણ્ય-પાપના પરિણામ, શુભાશુભ પરિણામ એ દુઃખના દેનારા છે. શુભ હો કે અશુભ હો, બેય વિકાર પરિણામ બંધના કારણ, દુઃખના કારણ (છે) એને સુખના કારણ માને એ આસ્રવતત્ત્વની ભૂલ (છે). શુભ પુણ્યના ફળ શરીરાદિ અનુકૂળ મળે. એમાં પ્રેમ કરવો અને પ્રતિકૂળ અશુભબંધના ફળમાં દ્વેષ કરવો એ બંધના તત્ત્વની ભૂલ (છે). આવી ગઈ છે ને બધી ?

ભગવાનઆત્મા, એનું સમ્યગ્જ્ઞાન અંતરમાં આત્માનું જ્ઞાન કરવું અને આત્માનું ચારિત્ર અંદર સંવર, નિર્જરા, વીતરાગભાવ પ્રગટ કરવો એવા જ્ઞાન અને ચારિત્રને દુઃખદાયક માને, કષ્ટદાયક માને એ સંવર, નિર્જરાની ભૂલ (છે). ઘણા કહે છે ને ? ભઈ ! ચારિત્ર તો વેળુના કોળિયા છે, બાપા ! ચારિત્ર તો આનંદદાયક છે. અંતર આનંદ પ્રગટ થાય એને ચારિત્ર કહે છે. દુઃખદાયક હોય તો એ તો પાપ છે, દુઃખદાયક તો આર્તધ્યાન છે. સમજાણું કાંઈ ? વ્યાખ્યા કરતાં કહે છે ને ? બાપા ! ચારિત્ર તો વેળુના કોળિયા છે. આહા..હા...! ચારિત્રને તું સમજતો નથી. ચારિત્ર તો અંતર આનંદની અનુભવદૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય આનંદના અનુભવની વીતરાગતા પ્રગટે એને ચારિત્ર કહે છે. ત્યારે આ કહે કે, દુઃખદાયક છે. છે સુખદાયક એને દુઃખદાયક માને એને સંવરતત્ત્વની ભૂલ છે.

નિર્જરાની (ભૂલ). આત્માના સ્વભાવ શુદ્ધ ચૈતન્યની શક્તિ ન પ્રગટ કરતો, આત્માના શુદ્ધ સ્વભાવની પરમાનંદની મૂર્તિ, એની તિજોરી ન ખોલતો, એકાગ્ર થઈને ન ખોલતો, એકલી ઇચ્છા ને અભિલાષના વેગમાં જઈને મને નિર્જરા થાય ને લાભ થાય એમ માને એ નિર્જરાતત્ત્વની ભૂલ (છે).

અનાકુળ મોક્ષનો સ્વભાવ છે. મોક્ષમાં તદ્દન અનાકુળતા આત્માના આનંદના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અનુભવથી જે મોક્ષ થાય (એ) અનાકુળ આનંદમય છે. એને દુઃખરૂપ માનવો. મોક્ષમાં શું કોઈનું કરે નહિ ? મોક્ષમાં ઉપર લટકે ? ગાડી, વાડી કાંઈ નહિ ? એમ માનનારા મોક્ષતત્ત્વને સમજતા નથી. શરીર હોય તો જ્ઞાન થાય, ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય. શરીર, ઇન્દ્રિય વિના જ્ઞાન થતા હશે ? ભગવાનઆત્મા ! મોક્ષ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ. એવી અનાકુળ દશાને નથી

ઓળખતો તેથી એને મોક્ષતત્ત્વની ભૂલ છે. કાં તો કાંઈક આવું જોઈએ, સાધન જોઈએ, કેવળી થાય, પૂર્ણ પરમાત્મા થાય તો દુનિયાનું કરી દ્યે કે નહિ કાંઈ ? અનંતું વીર્ય પ્રગટે એ દુનિયાનું કાંઈ ભલું-બૂરું ન કરે ? અમે આવા સાધારણ (છીએ) તોય કો'કનું ભલું કરી દઈએ. મૂઢ જીવ માને છે. કરી કોને શકે ? પરના (ભલા) કોણ કરે ? એક ફોતરું ફેરવવાની આત્મામાં તાકાત નથી. જડની ક્રિયા જડથી થાય, એને આત્મા (કર્તા છે એમ) માને (તો એ) મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એવા મિથ્યાદૃષ્ટિને મોક્ષતત્ત્વની પણ ખબર નથી. લ્યો ! શું મોક્ષ એકલું બેસી રહેવું ? એકલું એટલે અનાકુળ આનંદનો અનુભવ એનું નામ મોક્ષ છે. વિકારથી છૂટવું, અશરીરી થવું અને એકલા આત્માની શુદ્ધતા પૂર્ણાનંદ પ્રગટ થાય. એ આત્માના મોક્ષમાર્ગ, અંતરના મોક્ષમાર્ગે પ્રગટ થાય. એનું ભાન નથી તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે, એને અગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે, એવી શ્રદ્ધા સહિતના જેટલા ભણતર હોય એ બધા અનાદિના અગૃહીત મિથ્યાજ્ઞાન (છે). અને મિથ્યાચારિત્ર. એવા અગૃહીત મિથ્યાદર્શન, જ્ઞાન સહિત જેટલા મંદ રાગાદિની ક્રિયા હોય એ બધી મિથ્યાચારિત્ર છે. એનો 'ત્યાગ કરીને,...' લ્યો ! 'આત્મકલ્યાણના માર્ગમાં લાગવું જોઈએ.' સમજાણું ? 'આતમ કે હિત' કીધું છે ને ?

'પંડિત શ્રી દૌલતરામજી પોતાના આત્માને સંબોધી કહે છે કે, હે આત્મન્ ! પરાશ્રયરૂપ સંસાર અર્થાત્ પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઈને...' સ્વઆશ્રય કીધું ને ? આત્મા કીધો એટલે. શરીરાશ્રિતની ક્રિયા અને પુણ્ય-પાપના ભાવની ક્રિયા એ બધી પરાશ્રિત બંધનું કારણ છે. એ પરાશ્રયરૂપ 'સંસાર (અર્થાત્) પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઈને સાવધાનીથી આત્મસ્વરૂપમાં લીન થા.' એ આત્માના હિતનો માર્ગ છે. સમજાણું કાંઈ ? એ બીજી ઢાળ થઈ. બે ઢાળ થઈ. આપણે સાર બધો આવી ગયો છે. આમાં જે કહેવાણું છે ને એ બધું આવી ગયું.

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૭, શુક્રવાર
## તા. ૨૮--૧--૧૯૬૬, ગાથા ૧, પ્રવચન નંબર–૧૧ (૪૦ :–મિનિટ)

હવે ત્રીજી ઢાળ. નરેન્દ્ર છંદ, જોગીરાસા. 'આત્મહિત, સાચું સુખ અને બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન.' એક શ્લોકમાં (કહેશે). હવે આ ચાર-ચાર (લીટીનો) આવ્યો, હોં ! ચાર-ચાર લીટીનો મોટો મોટો છે. જુઓ ! આત્માનું હિત શું છે એનું આમાં કથન છે. ઓલું આત્મહિત કીધું હતું ને ? છેલ્લી ઢાળમાં. આત્માના હિતમાં લાગી જાઓ. ભગવાનઆત્માને અંતર ઓળખીને એમાં એકાકાર થાઓ એ આત્મહિત (છે). એ શું કહે છે ? એ બતાવે છે, જુઓ ! સાચું સુખ શું ? અને બે પ્રકારે મોક્ષમાર્ગ, (એમ) ત્રણનું કથન છે.

**આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા વિન કહિયે;**
**આકુલતા શિવમાંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે.**

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવમગ, સો દ્વિવિધ વિચારો;**
**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો. ૧.**

બહુ સરસ વાત, ગાગરમાં સાગર ભરી છે. થોડામાં અને સાદી ભાષા, આતો હિન્દી ભાષા છે. 'આત્માનું કલ્યાણ છે સુખની પ્રાપ્તિ.' લ્યો ! આત્માનું હિત એટલે કલ્યાણની પ્રાપ્તિ, સુખની પ્રાપ્તિ. અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તે આત્માનું હિત છે. કહો, દુનિયાને સુખ જોવે છે કે નહિ ? કેવું સુખ ? અતીન્દ્રિય એક જ સુખ છે. દુનિયામાં પુણ્ય-પાપમાં, પૈસા–ધૂળમાં સુખ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. પૈસામાં સુખ છે, બાયડીમાં સુખ છે, આબરુમાં સુખ છે એ માનનાર મૂઢ, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એવી મિથ્યાદૃષ્ટિ સહિતની જે કંઈ ક્રિયા કરે એ બધી અજ્ઞાનમાં જાય છે. સુખ કેવું ધૂળમાં ? સમજાણું કાંઈ ? થોડુંઘણું સુખ હશે કે નહિ પણ ? ધૂળમાંય સુખ નથી. સ્ત્રી-શરીર જડ માટી છે. પૈસો માટી–ધૂળ છે, દાળ, ભાત, લાડવા એ ધૂળ છે. પરમાં સુખ ક્યાંથી આવ્યું ?

મુમુક્ષુ :– ખાંડ મળે તો રાજી થયા.

ઉત્તર :– રાજી થયા. મૂઢ છે, કહે છે. સમ્યગ્દૃષ્ટિને ખાંડના ઢગલા હોય તો જડ છે. રાજી શેનો થાય ઇ ? ધર્મીને તો આત્માના આનંદનો ઢગલો પડેલો અંદરમાં દેખાય છે. ખાંડના ઢગલા જડના (છે). અહીં ચૈતન્યના છે, એ તો જડના છે. સમ્યગ્દૃષ્ટિને દેવપદ મળે તોપણ રાજી ન થાય. દેવનું પદ મળે તોપણ રાજી નહિ અને દેવપદનું કારણ જે પુણ્યભાવ થાય એમાં પણ સમ્યગ્દૃષ્ટિ રાજી નથી. પુણ્ય અને પુણ્યના ફળમાં રાજી થાય એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને વીતરાગમાર્ગની શ્રદ્ધાની ખબર નથી. એવી વાત છે, ભાઈ ! આહા..હા..!

સુખ તો 'આકુળતા વગરનું કહેવાય છે...' એમ કહે છે. દુનિયાના માનેલા સુખ એ સુખ નથી. આત્મામાં અતીન્દ્રિય આનંદનો ઢગલો પડ્યો છે. આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો પુંજ અંદર પડ્યો છે. એના અતીન્દ્રિય આનંદનું પર્યાયમાં પ્રગટ થવું એનું નામ સુખ કહેવાય છે. અનાકુળના ભાવને સુખ કહે છે. કહો, આ તો બાયડી, છોકરા, પૈસા, પાંચ-પચાસ લાખના ઢગલા (હોય તો કહે છે), એની સામું જોઈને આકુળતા છે. ધૂળમાંય સુખ નથી. મફતનો મૂઢ મિથ્યાદૃષ્ટિ રાજપાટ, બાયડી,

છોકરા, પૈસામાં સુખ માને છે. કેમ હશે ? ભાઈ ! શું લેવું આમાં ? ભાઈ ! મૂઢ અજ્ઞાની મફતનો હેરાન થઈ ગયો છે.

મુમુક્ષુ :– શું કરવા ?

ઉત્તર :– પરમાં સુખ માનીને. ધૂળમાંય સુખ નથી. મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– પરમાં દુઃખ તો હશે ને ?

ઉત્તર :– પરમાં દુઃખ પણ નથી. પરમાં દુઃખ કેવું ? પરને પોતાનું માનવું અને પરથી મને લાભ માનવો એવી માન્યતા એને દુઃખરૂપ છે. પર કેવું ? એ તો જડ, માટી ધૂળ છે, આ તો અજીવ તત્ત્વ છે. પૈસા, લક્ષ્મી અજીવ ધૂળ તત્ત્વ છે. એમાં સુખ કેવું અને દુઃખ કેવું ? બાયડી, છોકરા સારા હોય, પૈસા-બૈસા ઠીક હોય, પાંચ-પાંચ હજારનો મહિને પગાર હોય (તો કહે), સુખી છે. (અહીં કહે છે), મૂઢ છો, મિથ્યાદૃષ્ટિ છો, વીતરાગમાર્ગની તને ખબર નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ એવા લાખ, કરોડો, અબજો પૈસા બહારના હોય અને અનુકૂળતા હોય (તોપણ) એમાં દુઃખનું નિમિત્ત માને છે. દુઃખનું નિમિત્ત, હોં ! એ દુઃખ નથી. આકુળતા, વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે, એનું એ નિમિત્ત છે. પરમાં સુખ સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી માનતો નથી. આહા..હા..! માન્યતાની જ હજી ખબર ન મળે (કે) શું ચીજ છે.

'સુખ આકુળતા વગરનું કહેવાય છે.' આકુળતા ન હોય એને સુખ કહીએ. એ 'આકુળતા મોક્ષમાં નથી...' એમ હવે સિદ્ધ કરે છે. આત્માનું હિત–કલ્યાણ સુખની પ્રાપ્તિ (છે). એ સુખ આકુળતા વિનાનું કહેવાય અને એ આકુળતા મોક્ષમાં નથી, એમ કહે છે. મોક્ષને સિદ્ધ કરે છે. આત્મામાંથી પરમાત્મદશા પ્રગટ થવી (તે મોક્ષ છે). કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, સિદ્ધપદ એ મોક્ષદશા (છે). મોક્ષમાં આકુળતા નથી, અનાકુળતા છે.


'તેથી (શિવમગ) મોક્ષમાર્ગમાં લાગવું...' '(ચાહિયે)...' એટલે 'જોઈએ.' તેથી મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ. એ મોક્ષ તે હિત અને અનાકુળ સુખ છે માટે તેના માર્ગે જાવું જોઈએ, એમ કહે છે. આહા..હા..! ન્યાંથી ઉપાડ્યું, જોયું ? પહેલેથી મોક્ષથી ઉપાડ્યું. સિદ્ધ ભગવાન આત્મા અને અરિહંત પરમેશ્વર અનંત આનંદને ભોગવનારા

છે. સમજાણું કાંઈ ? અરિહંત પરમેશ્વરને પણ અનંત અતીન્દ્રિય આનંદ છે. ભલે ચાર અઘાતિકર્મ બાકી હોય. અનંત આનંદ છે. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે. ચાર કર્મ બાકી છે, ચાર કર્મ ટાળ્યા છે. અનુભવ કરીને, અંતર અનુભવદૃષ્ટિ કરીને અતીન્દ્રિય આનંદ એને અંદરથી પ્રગટ્યો છે. અતીન્દ્રિય આનંદ એટલે મોક્ષ જ છે, એને ભાવમોક્ષ છે. સિદ્ધને દ્રવ્યમોક્ષ થઈ ગયો, શરીર છૂટી ગયું. ઇ દેહમુક્ત થઈ ગયા. એમાં જ આનંદ છે, બીજે ક્યાંય આનંદ નથી. 'તેથી (શિવમગ) મોક્ષમાર્ગમાં લાગવું જોઈએ.' લ્યો ! બીજું બધું છોડીને મોક્ષના માર્ગે (લાગવું જોઈએ). કેમકે અનાકુળતા મોક્ષમાં છે. મોક્ષ એ આત્માની શુદ્ધ પર્યાય છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.


વીતરાગ ભગવાન પરમેશ્વરે પૂર્ણાનંદની પ્રાપ્તિ મોક્ષ, એનો માર્ગ અંતરમાં સ્વરૂપમાં સમજાવ્યો.

'મોક્ષમાર્ગમાં લાગવું જોઈએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેની એકતા તે મોક્ષનો માર્ગ છે,...' સમજાય છે ? એની વ્યાખ્યા નીચે કરશે, હોં ! આત્મા અંતરમાં પૂર્ણ શુદ્ધ આનંદ વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા છે. અત્યારે, હોં ! એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા (થવી) એનું નામ (મોક્ષમાર્ગ છે). નિર્વિકલ્પ વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને આત્માની વીતરાગી શાંતિ (પ્રગટ થવી) એને સમ્યગ્દર્શન-જ્ઞાન- ચારિત્ર–મોક્ષનો




માર્ગ એને ભગવાન કહે છે. આહા..હા..! ત્રણેની એકતા તે શિવમાર્ગ છે.

'તે મોક્ષમાર્ગનો બે પ્રકારથી વિચાર કરવો...' સમજાણું ? આમાં કાંઈક શબ્દ છે ને ? 'તે મોક્ષમાર્ગનો બે પ્રકારથી વિચાર કરવો કે, જે (સત્યારથરૂપ) વાસ્તવિક સ્વરૂપ છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે...' સમજાણું ? આત્મામાં શુદ્ધ ચૈતન્યમૂર્તિની અંતર નિર્વિકલ્પ અનુભવદૃષ્ટિ (થવી), એનું– આત્માનું અંતર નિર્વિકલ્પ જ્ઞાન અને અંતર સ્વરૂપની વીતરાગતા પરિણતિ ચારિત્ર (પ્રગટ થવી) એ




એક જ સાચો મોક્ષનો માર્ગ છે. જુઓ ! સત્યાર્થ ઉપર જોર છે. એની સામે આવશે, અસત્યાર્થ કહો. સમજાય છે ? 'વાસ્તવિક સ્વરૂપ છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે...' સમજાણું ?

બે પ્રકારે વિચારમાં (લેવો) એટલે આને સત્યાર્થરૂપે વિચારવો, એમ કહે છે. ઓલાને અસત્યાર્થરૂપે, એની સામે લ્યો તો અસત્યાર્થરૂપે, આ નિશ્ચયરૂપે લ્યો તો ઓલો વ્યવહારરૂપે, આ શુદ્ધ ઉપાદાનરૂપે તો ઓલાને નિમિત્તરૂપે (વિચારવો). એ આમાં લખ્યું છે, ભાઈ ! આ જૂની પ્રત છે ને ? એમાં એ લખ્યું છે. વાસ્તવિક સ્વરૂપ છે તે નિશ્ચય છે. કૌંસમાં શુદ્ધ અથવા મુખ્ય. મુખ્ય એમ લખ્યું છે. આહા..! પહેલાની હિન્દી (પ્રત છે). મોક્ષમાર્ગ કહેવાય છે. અને તે નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ વ્યવહાર... કૌંસમાં (લખ્યું છે), અશુદ્ધ, ગૌણ અથવા ઉપચાર. આમાં પહેલું છે, હોં ! શું કહે છે ? આ મોટા વાંધા છે એનો આ ખુલાસો થાય છે.

ભગવાનઆત્માને આશ્રયે નિર્વિકલ્પ અંતર અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ (પ્રગટે) એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એક જ સાચો મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ ? એનો વિચાર કરવો. પહેલા એનું જ્ઞાન કરવું, એમ કહે છે. '(સત્યાર્થરૂપ) વાસ્તવિક સ્વરૂપ છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને (કારણ)...' એમ છે ને ? 'કારણ

સો વ્યવહારો.' એટલે કારણ. કારણના અર્થમાં આવ્યું કે, આત્મા શુદ્ધ પરમાનંદની અંતર દૃષ્ટિ, જ્ઞાન (થવી) એ શુદ્ધ ઉપાદાન દૃષ્ટિ થઈ. એ સત્યાર્થ મોક્ષમાર્ગ થયો અને એની સાથે રાગ (હોય), દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ હોય એ અસત્યાર્થ અથવા તે નિમિત્ત કારણ આવ્યું. અહીં ઉપાદાનકારણ આવ્યું, ત્યાં એ નિમિત્તકારણ આવ્યું. અહીં નિશ્ચય આવ્યો, તે વ્યવહાર આવ્યો. અહીં મુખ્ય આવ્યો, (તે) ગૌણ આવ્યો, આ શુદ્ધ આવ્યો, (તે) અશુદ્ધ આવ્યો. સમજાણું કાંઈ ? આહાહા..! આ તો આ શબ્દમાંથી આપણે તો (અર્થ કરીએ છીએ).

'શિવમગ, સો દ્વિવિધ વિચારો; જો સત્યારથરૂપ સો નિશ્ચય,...' 'જો સત્યારથરૂપ' એમ કહ્યું છે ને ? સાચું સ્વરૂપ, એમ. સત્યાર્થ એટલે સાચું સ્વરૂપ. તે નિશ્ચય મોક્ષમાર્ગ. સાચું રૂપ, રૂપ એટલે સ્વરૂપ. ભગવાનઆત્મા શરીર, વાણીની ક્રિયાનું લક્ષ છોડી દઈ પુણ્ય-પાપના વિકલ્પ રાગ થાય તેની રુચિ છોડી થઈ, એકલા પરમાનંદ પ્રભુ આત્માની અંતર રુચિ, જ્ઞાન અને રમણતા (થવી) એ મોક્ષનો માર્ગ (છે). સાચો, સત્ય સ્વરૂપ, નિશ્ચય માર્ગ, શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો, એને યથાર્થ વાસ્તવિક મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ ?

'અને (કારણ) જે...' કારણનો અર્થ નિમિત્ત. કારણ કે અહીં શુદ્ધ ઉપાદાન આ આવ્યું. સમજાણું કાંઈ ? આત્મા જે ધ્રુવ ત્રિકાળ આનંદકંદ છે એ ધ્રુવ ઉપાદાન (છે) પણ એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ પર્યાય પ્રગટી એ પણ શુદ્ધ ઉપાદાન પર્યાય થઈ. શુદ્ધ ઉપાદાન ને નિમિત્ત ને.. આમાં કેટલું જ્ઞાન કરવું ? કહે છે કે, ભાઈ ! તેં સાચા તત્ત્વની કોઈ દિ' ખબરું લીધી નથી.

એ ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ તો શુદ્ધ ધ્રુવ છે. ત્રિકાળ અખંડ આનંદ અને શુદ્ધનો જ પિંડ આત્મા છે. એ ધ્રુવ ઉપાદાન છે. એને અંતરમાં શુદ્ધ વર્તમાન પર્યાય એ દ્રવ્યને આશ્રયે પ્રગટ થવી, શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમાર્થે વીતરાગ દૃષ્ટિ, વીતરાગ જ્ઞાન, વીતરાગ ચારિત્ર જે સ્વભાવ (છે), એ શુદ્ધ ઉપાદાન પ્રગટેલી પર્યાય છે. એની સાથે પેલો રાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા-રાગ, એને નિમિત્તકારણ તરીકે, અસત્યાર્થ માર્ગને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે, ઉપચાર તરીકે માર્ગ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ? તેથી તો

'સત્યાર્થરૂપ' શબ્દ વાપર્યો છે. સાચું તે નિશ્ચય. બીજી રીતે કહીએ તો ખોટું એટલે કે એ માર્ગ તો નથી, એમ (કહેવું છે). પણ એને નામ નિમિત્ત મળે છે, નિમિત્તનું નામ પડે છે. સાચો મોક્ષમાર્ગ તો આત્માને અવલંબે થાય તે મોક્ષમાર્ગ છે. પણ તે કાળમાં પૂર્ણ વીતરાગ દશા નથી એથી ભગવાને કહ્યા તે નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો રાગ (થાય) એ વિકલ્પ છે, એ પુણ્ય છે એને નિમિત્ત કહેવામાં આવે છે. એને ઉપચારે મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. વ્યવહારે મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. અસત્યાર્થને વ્યવહાર કહેવો એનું નામ એનો ઉપચાર માર્ગ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ખોટાં સાચાને સાથે રાખવા જોઈએ.

ઉત્તર :– રાખવા જોઈએ નહિ, એમ હોય છે. સાચો માર્ગ આ હોય, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે આવો વિકલ્પનો ભાવ ઉપચારે ત્યાં હોય છે. હોય છે, વીતરાગ નથી થયો ત્યાં સુધી એવું હોય. કેવળ થયું એટલે એને વિકલ્પ ન હોય, એ વ્યવહાર ન હોય. સમજાણું કાંઈ ? પણ જ્યાં નિશ્ચય ભાન થયું છે ત્યાં આવા વિકલ્પને વ્યવહાર અને ઉપચાર કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ !

નિશ્ચય મોક્ષમાર્ગ એકલો જ મોક્ષનું કારણ એક છે. આ જે વ્યવહાર કહ્યો એ બંધનું કારણ છે, પણ તેને એવું જ અનુકૂળપણું દેવ-ગુરુ, સાચા અરિહંત દેવ-ગુરુ, કેવળી પરમાત્મા, સાચા નિર્ગ્રંથ મુનિ કે સાચા શાસ્ત્ર કે સાચો અહિંસા ધર્મ (હોય). અહિંસા એટલે રાગની ઉત્પત્તિ ન થવી તે આત્માનો ધર્મ. એવો જે વિકલ્પ શુભરાગ એ છે તો બંધનું કારણ, પણ અહીંયાં આત્માના અવલંબે જ્યારે મોક્ષમાર્ગ પ્રગટ્યો એના નિમિત્તને એને મોક્ષમાર્ગનો આરોપ આપવામાં આવ્યો છે. નથી તેને કહેવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. છે તેને એમ જાણવું અને કહેવું તેને નિશ્ચય અને સત્યાર્થ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ? જુઓને, કેટલી વાત મૂકી છે !

'જો સત્યારથરૂપ સો નિશ્ચય,...' છે ને ? 'કારણ સો વ્યવહારો.' કારણ એટલે કે આ (સાચા) કારણથી આ બીજું કારણ છે. આ કારણ જે છે એ તો (સત્ય છે). કોનું કારણ ? મોક્ષના માર્ગની વાત છે. મોક્ષનો માર્ગ, તો માર્ગ તો કારણ થઈ ગયું. આ એક કારણ છે કે, શુદ્ધ ભગવાનઆત્માની વીતરાગી અંતર દૃષ્ટિ થવી, એનું આત્માનું જ્ઞાન થવું, આત્માની લીનતા (થવી) એ મોક્ષનો માર્ગ (છે), માર્ગ નામ કારણ,

એ કારણ ઉપાદાન કારણ થયું. ત્યારે જોડે વિકલ્પ ઊઠ્યો છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વની શ્રદ્ધા આદિ, પંચ મહાવ્રતના પરિણામ આદિ, શાસ્ત્રનું જ્ઞાન આદિ, એને નિમિત્તકારણ કહીએ. ભાઈ ! આ પુસ્તક તો સાધારણ હિન્દી ભાષામાં છે. એમાં આ બધા અર્થ ભર્યા છે. આ બધા દિગંબર ઘણા વર્ષથી વાંચતા હતા પણ એને કાંઈ (અર્થની ખબર નહોતી).

નિમિત્તકારણ–નિશ્ચય મોક્ષમાર્ગનું ઉપચાર કારણ, તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આને એણે બરાબર પહેલો જાણવો અને નક્કી કરવો જોઈએ. એનો વિશેષ ભાવ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)